# નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરી

સી બ્લોક, ૫ મો માળ, નર્મદા ભવન,
જેલ રોડ, વડોદરા.

ક્રમાંક: ના શ્ર આ/ વડો/ /૨૦૨૦

તા.૧૧-૦૫-૨૦૨૦

પ્રતિ,

માલીક/ મેનેજરશ્રી

તમામ ફેક્ટરી/
સંસ્થા/ મહેરબાની
જી. વડોદરા,

વિષય:- નાવેલ કોરોના વાઈરસ (Covid-19) ના સંક્રમણનો ફેલાવો અટકાવવા ગુજરાત સરકારે જાહેર કરેલ લોકડાઉનનો સમયગાળાનું નિયત મહેનતાણું નિયત થયેલ તારીખે ચુકવવા અંગે.

સંદર્ભ:-(૧) કલેકટરશ્રી, અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, વડોદરાના જાહેરનામા ક્રમાંક EC/એમ.એ.જી. /વશી/૨૨૮/૨૦૨૦ તા.૨૯-૦૩-૨૦૨૦
(૨) કલેકટરશ્રી, અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, વડોદરાના જાહેરનામા ક્રમાંક EC/એમ.એ.જી. /વશી/૬૪૮/૨૦૨૦ તા.૧૫-૦૪-૨૦૨૦
(૩) શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૨૧-૦૩-૨૦૨૦નો પરિપત્ર

મહાશય શ્રી,

ઉપરોકત વિષય પરત્વેના સંદર્ભે જણાવવાનું કે ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર ના તા. ૨૩-૦૩-૨૦૨૦ ના જાહેર નામાથી નાવેલ કોરોના વાઈરસ (Covid-19) ને વૈશ્વિક મહામારી જાહેર કરી તા.૨૩-૦૩-૨૦૨૦ થી લોકડાઉન જાહેર કરવામાં આવેલ નાવેલ કોરોના વાઈરસ (Covid-19) ના સંક્રમણનો ફેલાવો અટકાવવા ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓ મુજબ ગુજરાત સરકાર દ્વારા ભારત સરકારના વખતો વખત જાહેર કરેલ માર્ગદર્શીકા આધારે તા.૧૭-૦૫-૨૦૨૦ સુધી લોકડાઉનમાં વધારો કરવામાં આવેલ .

ઉકત સંદર્ભ પત્રો (૧) અને(૨) થી મા. કલેકટરશ્રી, અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, વડોદરાના જાહેરનામા ક્રમાંક EC/એમ.એ.જી./વશી/૨૨૮/૨૦૨૦ તા.૨૯-૦૩-૨૦૨૦ થી અને જાહેરનામા ક્રમાંક EC/એમ.એ.જી. /વશી/૬૪૮/૨૦૨૦ તા.૧૫-૦૪-૨૦૨૦ થી નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ અન્વયે ફરમાવેલ છે કે તમામ રોજગારો પુરા પાડતા ઉધોગો, વ્યાપારીક/ વાણિજય સંસ્થા-દુકાનો, કોન્ટ્રાકકટરોએ તેમના તમામ પ્રકારના કામદારોને લોકડાઉનના સમય દરમ્યાન તેમના ઉધોગ ઉધોગો, વ્યાપારીક/ વાણિજય સંસ્થા-દુકાનો બંધ રહયા હોય તો પણ કામના સ્થળે નિયત મહેનતાણું નિયત થયેલ તારીખે જ કોઈ પણ પ્રકારની કપાત વગર પુરેપુરુ ચુકવવાનું રહેશે અને કોઈ પણ ઉધોગો, વ્યાપારીક/ વાણિજય સંસ્થા-દુકાનો, કોન્ટ્રાકટરો તેમના શ્રમીકોને બળજબરી પુર્વક કામના રહેઠાણના સ્થળને છોડવાનું કહી શકશે નહી.

૧/૨



Scanned with CamScanner

ઉકત સંદર્ભ પત્ર(૩) થી શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પરિપત્રથી આ સમયગાળા દરમ્યાન સંસ્થા બંધ રાખવાના સંજોગોમાં રાજયની જાહેર/ખાનગી સંસ્થાઓ/ કારખાનાઓમાં કામ કરતા શ્રમયોગીઓને હાજર ગણવા અને પગાર કપાત નહી કરવા અનુરોધ કરી શ્રમયોગીઓને આર્થિક તેમજ નૈતિક ટેકો આપીને શ્રમયોગીઓ અને તેમના પરિવારજનોને કટોકટીના સમયમાં સહાય કરવાની સામાજીક જવાબદારી નિભાવવા કટીબધ્ધ થવા જણાવેલ.

વડોદરા જીલ્લામાં શ્રમયોગીઓના લોકડાઉન સમયના પગાર અને અન્ય પ્રશ્નો સંદર્ભે મા.કલેકટરશ્રી, વડોદરાના આદેશથી અત્રેની કચેરીમાં કંટ્રોલ રુમ કાર્યરત રાખવામાં આવેલ છે જેમાં શ્રમયોગીઓ દ્વારા લોકડાઉનના સમયગાળા માટેના પગાર સંબધેની ઘણી જ ફરીયાદો મળી રહેલ છે. આ સંજોગોમાં વડોદરા જીલ્લાની જાહેર/ખાનગી સંસ્થાઓ/ કારખાનાઓના માલીકોને નાયબ શ્રમ આયુકતશ્રી, વડોદરા દ્વારા નમ્ર અપીલ કરવામાં આવે છે કે આપની સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ અન્વયે લોકડાઉનના સમયનું શ્રમયોગીઓને નિયત મહેનતાણું નિયત થયેલ તારીખે જ કોઈ પણ પ્રકારની કપાત વગર પુરેપુરુ ચુકવવાનું ફરજીયાત છે. વડોદરા જીલ્લામાં જે સંસ્થાઓએ શ્રમયોગીઓને આ સમયગાળાનો શ્રમયોગીઓને નિયત મહેનતાણું નિયત થયેલ તારીખ ન ચુકવતા તે અંગેની અત્રેના કંટ્રોલ રુમમાં ફરિયાદ મળેલ છે તે સંસ્થાઓ સામે અત્રેની કચેરી દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે જેની નોંધ લેવા નમ્ર વિનંતી છે.

(એ.એમ.સોની)
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા

નકલ સવિનય સાદર :

(૧) મા.શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ જાણ સારુ.

(૨) મા. કલેકટરશ્રી, કલેકટર કચેરી, વડોદરા.



Scanned with CamScanner